





મનફાવે ત્યારે દેશમાં લટાર મારી જાય છે,
ખાઇ-પી, જિયારત કરી, કટાર મારી જાય છે,
ટટ્ટાર રાખે છે આતંકને, ખૂલ્લો ઠરાવ કરી -
મહેમાન નવાઝીને ફટકાર મારી જાય છે!




દૈ ધો કાશ્મીર!
અબ્દુલા કબીલાને -
અઘાટ ખતે -
(શંકાસ્પદ સૂચનો)

વડા આકાશે,
દેખાણો ધૂમકેતુ -
થશે અનિષ્ટ?!
('લોકાયુક્ત' નડશે?!)

## ચિંતન

**અવૃત્તિકં ત્યજે દેશં વૃત્તિ સોપદ્રવાં ત્યજેત્ ।**
**ત્યજેન્માયાવિનં મિત્રં ધનં પ્રાણ હરં ત્યજેત્ ॥**

'જે પ્રદેશ-રાજય-દેશમાં કામ-ધંધા ન હોય અર્થાત્ ધંધો-રોજગાર ન હોય અને યુવાની બેકાર હોય તે પ્રદેશ છોડી દેવો. જયાં રાજયમાં ચોરી-લૂંટ-ખૂનખરાબા-સોપારી જેવા ઉપદ્રવ થયા કરતા હોય એવો કામધંધો-નોકરી છોડી દેવી. જે મિત્ર સતત છળ-કપટ કર્યા કરતા હોય અને માત્ર પોતાના સ્વાર્થના ધ્યેયનું જ સેવન કરતો હોય એવો મિત્ર પણ છોડી દેવો, અને એનું ધન-સમૃધ્ધિ-લક્ષ્મી. (બે નંબરી-કૌભાંડ-કમીશન દ્વારા) પ્રાપ્ત થઇ હોય જે જેલની જેવી સજા કે ફાંસીના માંચડા સુધી લઇ જાય એનો પણ ત્યાગ કરવો.'

જે દેશ-રાજયમાં ઉદ્યોગ-ધંધા-રોજગાર ન હોય વેપાર માટેની અનુકૂળતા ન હોય રાજા કે રાજય સવલતો આપવાને બદલે શોષણની વૃત્તિ ધરાવતી હોય શક્તિ-આવડત અને કાર્યના પ્રમાણમાં ઓછું નજીવું વેતન આપી શોષણ કરે એવા દેશ-રાજયમાં રહેવું નહીં.

જે રાજયમાં ગુંડા-ગીરી, અને ઉપદ્રવોને પોષણ આપી કાયદાઓનું ઉલ્લંઘન થતું અન્યાય અને ગુનાઇત પ્રવૃત્તિઓને પોષણ મળતું હોય, પગલે પગલે સ્વમાન અને જીવની ચિંતાથી ભયભીત રહેવાતું હોય એવા દેશ-રાજયમાં રહેવું નહીં.

જે મિત્ર-સહકાર્યકર - સાથીદાર સ્વાર્થ માટે ગમે તે હદ સુધી જવા તત્પર હોય એવાની મૈત્રી કે સાથ રાખવો નહીં.

એવું ધન-સમૃધ્ધની આશા-અપેક્ષા પણ ન રાખવી જે કમીશન-કૌભાંડ કે અનીતિ દ્વારા પ્રાપ્ત થઇ હોય કારણ કે એનું પરિણામ-અંત તો અત્યંત ખરાબ જ આવે જેલ-ફાંસી જ થાય..

## સુવિચાર

- દાવો અલગ છે પ્રેમનો, દુનિયાની રીતથી । એ ચૂપ રહે છે જેને અધિકાર હોય છે ।।- **મરીઝ**
- જીવનની સૌથી મોટી હાનિ એ મૃત્યુ નથી, પરંતુ સૌથી મોટી હાનિતો આપણે જીવતા હોઇએ ત્યારે આપણી અંદર જે મરી રહ્યું હોય તે છે - **નોર્મન કઝિન્સ**
- વિચારનો દીપક બૂઝાઇ જાય પછી આચાર આંધળો થઇ જાય છે - **વિનોબા ભાવે**
- લક્ષ્ય માટે નિષ્ઠા ભર્યો પુરૂષાર્થ હોય તો સફળતા જરૂર મળે છે - **ડિઝરાયેલી**
- સુખ શરીર માટે કદાચ ફાયદાકારક હશે પરંતુ દુઃખ મનની શક્તિઓનાં વિકાસ માટે ફાયદાકારક છે - **માર્શલ પ્રાઉસ્ટ**
- સુખ મેળવવું કઠિન વાત છે કારણ કે બીજાને સુખ આપ્યા પછી જ તે આપણને મળે છે - **ક્લોટિસ**
- જે પોતાને સુખી અનુભવતો નથી એ કદાપિ સુખી થઇ જ ન શકે - **ઓરેલિયસ**

## બોધ કથા

આજકાલના નેતાઓની બાજ નજર સરકારી તિજોરી પર જ હોય છે, કમીશન અને કૌભાંડ દ્વારા, ઘર ભરવામાં જ માને છે, નિયમ-નિષ્ઠા-કાયદા સાથે એમને સ્નાન સૂતકનો ય સંબંધ નથી.

'દેશબંધુ' નું બિરૂદ પામેલાં ચિતરંજનદાસ એમનાં સમયના મહાન દેશ નેતા હતા.

એમના પિતા પણ નિષ્ઠાવાન-કર્તવ્યનિષ્ઠ વેપારી હતા. ભલા અને સરળ સ્વભાવના હતા. તેથી એમનો ખોટો લાભ કેટલાક ખોટા વેપારીઓ અને ગ્રાહકોએ લીધો અને એમને ખોટ સાથે દેવામાં ડૂબાડી દીધા. તે સમયના ચાલીસ હજાર રૂપિયાનું દેવું થઇ ગયું. ખરાબ પરિસ્થિતિ સર્જાઇ - ઘર મિલ્કત વેંચ્યા પછી પણ લેણાં ચૂકવી શકાય તેમ ન હતું. વકીલની સલાહ પ્રમાણે 'નાદારી' નોંધવી. અદાલતે તેમને 'નાદાર' જાહેર કર્યા અને વેપારીઓનાં લેણાં બાકી રહ્યાં.

.. ચિતરંજન મોટા થયા. વકીલ થયા ઘણા પૈસા કમાયા અને કોર્ટમાંથી પિતાના લેણદાર બધા જ વેપારીની યાદી મેળવી. દાસબંધુના મિત્રો-વકીલોને આ વાત ન ગમી. કહ્યું, કોર્ટે જ તમારા પિતાને 'નાદાર' જાહેર કર્યાં હતા. એટલે હવે તમે પૈસા ન ચૂકવો તો કંઇ ગુન્હો થતો નથી. કાયદાની દૃષ્ટિએ તમે ગુન્હેગાર નથી.

ચિતરંજનદાસે બધા વેપારીઓને તેમનાં પિતાના સમયનાં લેણાંની પાઇ-પાઇ ચૂકવી દીધી અને મિત્રો ને જવાબ આપ્યો. અહીંની અદાલતનો હું ગુન્હેગાર નથી પણ ઉપરવાળાની અદાલત તો મને છોડે નહીં ને?!

# વિવેક બુદ્ધિથી મનને પરમાત્મારૂપી સત્યનું દર્શન કરાવો, ખુલ્લાં મનનાં બનો, તમારાં મનને તમારો સાચો સંબંધ, કોની જોડે છે તે સત્ય બતાવો, સાચાં દિલવાળાં માણસ સામે કોઈ દુર્ગણ ટકી શકતો નથી, કોઈ વાસના હેરાન નથી કરતી

**મૂલ્યાંકન : ૧૪**

ધ્યાનની શાંતિમાં પહોંચવાથી આ શબ્દો સંભળાયા- પુત્ર! શું હું તારી બધી નબળાઈઓને નથી જાણતો? પછી ચિંતા શું કામ કરે છે? જીવન પરીક્ષાઓ તથા દુઃખોથી ભરેલું લાગે છે. પોતાનાં અંતઃકરણને ઉત્સાહ શૂન્ય ન થવા દઈશ. સ્મરણ રાખ કે તારી અંદર પરમ આત્મા છે. તું જેને ચાહે છે, તેને પ્રાપ્ત કરી શકે છે. માત્ર એક જ અડચણ છે. અહંકાર. તમારું શરીર પ્રતિકુળ યુદ્ધ કરે છે. મન ચંચળ રહે છે. પરંતુ લક્ષ્ય માટે વિશ્વાસ કરો, કારણ કે અંતમાં આત્માની શક્તિને કોઈ રોકી નથી શકતું. જો તમે પોતાનાં અંતઃકરણમાં સાચાં નિશ્ચયવાળા હો- જો કમારા હૃદયની ગહેરાઈમાં સચ્ચાઈ છે તો બધું કલ્યાણકારી છે. કોઈ વસ્તુ તારા પર પૂર્ણ રીતે અંત સુધી અધિકાર નથી કરી શકતી. પોતાના હૃદય અને મનને ખોલવાનો સ્વભાવ કેળવો. મારાથી પોતાના સંબંધી કોઈ વાત ન છૂપાવો. મન એ તમારાથી ભિન્ન વસ્તુ માનીને મનનું નિરિક્ષણ કરો. સત્ય જ એક આવશ્યક વસ્તુ છે. વિવેક બુદ્ધિથી મનની સ્પષ્ટતા કરો.

વિવેક બુદ્ધિથી મનને પરમાત્મારૂપી સત્યનું દર્શન કરાવો. ખુલ્લાં મનનાં બનો. તમારાં મનને તમારો સાચો સંબંધ, કોની જોડે છે તે સત્ય બતાવો. સાચાં દિલવાળાં માણસ સામે કોઈ દુર્ગણ ટકી શકતો નથી. કોઈ વાસના હેરાન નથી કરતી.



- ઉર્વી રાજવીર

દેહાતી વસ્તુતઃ તમારી ત્રુટિઓ દેહાત્મ બુદ્ધિથી ઉત્પન્ન થાય છે. પોતાના શરીરની સાથે એવા પ્રકારનો વ્યવહાર કરો જેવી રીતે કે તે એક ઉછીનું સાધન છે. એને પોતાની શુભેચ્છાઓની પૂર્તિનું સાધન બનાવો. આચરણ જ બધું જ છે. આચરણશક્તિ જ શુભેચ્છાશક્તિ છે. આજ ધાર્મિક જીવનનું એક માત્ર રહસ્ય છે. મનુષ્ય કેવી રીતે ઈન્દ્રયબલ તથા ઈન્દ્રિયો સંબંધી પદાર્થોમાં પોતાની પ્રશંસા સમજે છે. અને તેને જ સભ્યતા માનવામાં આવે છે. પરંતુ આ બધા અંતરમાં માત્ર રસેન્દ્રિય અને જનનેન્દ્રિય સંબંધી ભાવ છે. અધિકાંશ મોટા ભાગનાં મનુષ્યોનાં મન આ જ બે ભાવોથી બનેલા છે.

આપણએ લોકો લાશને પુષ્પોથી ઢાંકી દઈએ છીએ, પરંતુ વસ્તુતઃ એ લાશ જ રહે છે- આથી ધાર્મિક જીજ્ઞાસુઓને માટે જરૂરી છે કે તે એ પદાર્થોને જેને સંસાર માટી કહે છે, તેનુ અત્યંત ગંભીરતાથી વિશ્લેષમ કરે. સૂક્ષ્મ રીતે વિચાર કરવાથી તેનો પડદો ખૂલી જાય છે અને તે ભૌતિક થઈ જાય છે. આ ક્ષણભંગૂર સંસારી વસ્તુઓથી તથા તેનાં આકર્ષણથી કોઈ સંબંધ ન રાખો. એ પડદાઓને ફાડી નાંખો, જેનાથી આ શરીર પોતાને આળ પંપાળ કરે છે. દંભથી, મિથ્યાભિમાનથી, લોભથી, મોહથી વિગેરેથી શરીરને ઢાંકે છે. એ આંતરદ્રષ્ટિમાં જાવો, જ્યાં અનુભવ કહે છે કે તમે આ પદાર્થોના નથી. તું તો આત્મા છો. રાજયોનું ઉત્થાન, અધિપતન, સભ્યતા અને કલાકૃતિ-કૌશલની ઉન્નતિ તથા અવનિતિનું મૂલ્ય ઉચ્ચતમ ધાર્મિક જાગૃતિની સામે કશુ જ નથી.

જે અવ્યકત છે. વાસ્તવમાં તે જ મહાન અને ઈચ્છનીય છે. દરિદ્રતા શું હોય છે તે જાણો અને પવિત્રતા માટે તીવ્ર આતુર બનો. કામિની કાંચનથી જ સંસારી ભાવ ઉત્પન્ન થાય છે. પોતાનાં સ્વભાવથી એમનું સમૂળગું ખંડન કરો. સંસર્ગાત્મક- સંબંધાત્મક બધી જ વૃતિઓ વિષરૂપ છે.

પોતાના સ્વભાવથી સંપૂર્ણ મિલનતા નીકાળી દો. પોતાના અંતઃકરણથી સમસ્ત અપવિત્રતાઓને ધોઈને શુદ્ધ કરી દો. જીવનના વાસ્તવિક સ્વરૂપને જુવો, ત્યારે જાણશો કે આ માત્ર ઈશ્વરની માયા છે, ન તો કાંઈ સારુ છે અને ન તો કાંઈ ખરાબ છે. પરંતુ કંઈક એવું છે કે જે હંમેશા ત્યજ્ય છે. કારણ કે એનો સંબંધ શરીર તથા દેહભાવ સાથે છે. પોતાના ઉચ્ચ સ્વભાવથી પ્રાપ્ત થતાં બધા ભાવોને એકાગ્રતાથી સાંભળો. આત્માનાં પ્રત્યેક સંદેશને આતુરતા સાથે ગ્રહણ કરો. આવું ધાર્મિક સૌભાગ્ય દુર્લભ છે.

જયારે શબ્દ શાંતિમાં પ્રવેશ કરે છે તે સમય જો સાવધાન નહી રહીએ, વિષયોનું ચિંતન કરતા રહીશું તો તેને નહીં સાંભળી શકીએ. તમારૂ વ્યક્તિત્વ એવી કુટેવોને વશ થઈ જશે જેમાંથી તમારો નાશ થઈ જશે. તમારા માટે મારો એક સંદેશ છે, 'તું આત્મા છે. અનંત શક્તિ તારી પાછળ છે. સાચા થવું તે જ મુક્ત થવું છે. તાલું દરેક પગલું આગળ પડે. જીવનમાં માર્ગમાં અગ્રેસર થવાથી તુ વધુને વધુ અનુભવ કરીશ કે તુ મુક્ત છે. જો તારો આધાર સત્ય છે, તો તું બધાનો સામનો કરી શકીશ. પોતાના અંતઃકરણમાં સાચા બનો. ત્યારે તારી વાણી સત્ય બનશે અને અનુભવ પૂર્ણ થશે જ અને બીજાઓને પણ પૂર્ણ બનાવી દેશે.'

દરેક મનુષ્ય પોતાની શક્તિની તન્માત્રાઓ છોડે છે. કોઈ પોતાને ગુપ્ત નથી રાખી શકતો. જો કોઈ શારીરિક ત્રુટિ હોય તો બધા બધા લોકો તેને જોવે છે. તેવી જ રીતે તમારામાં આધ્યાત્મિક ત્રુટિ હશે તો લોકોને ખબર પડી જાય છે, કારણ કે જયારે તમે આત્માને લગતી વાતો કહો છો તો લોકો જાણી જાય છે કે તમે એ કહો છો કે જે તમારા હૃદયમાં નથી. આધ્યાત્મિક જીવનનુંએ તત્વ એમનાં સુધી પહોંચાડવામાં તમે અસમર્થ થશો કારણ કે તમે તે જીવ્યા નથી, તમે સ્વંય તેનાથી અપરિચિત છે. આથી જો તમે ઉચ્ચકોટીનાં દેવદૂત પણ બની જાઓ, તો પણ, પોતાની જાતને આત્મ સુધારણા માટે તત્પર રાખો. પોતાનાં સ્વભાવનું નિરિક્ષણ કરો. પોતાની સંપૂર્ણ વૃતિઓની ચોકીદારી કરો. પોતાનાં સંસ્કારોને ધાર્મિક રૂપ ન આપો. સાચા બનો. પોતાનાં અનુભવોને ગુપ્ત રાખો. જો આશ્ચર્યજનક અવસ્થાના અનુભવ કરવાં છે, તો મૌન રહો??

તમને જે મળે છે તેના પર વારંવાર વિચાર કરો. આત્માનાં એકાંતમાં બધી વસ્તુઓ સાથે વ્યવહાર કરો. પોતાનાં જ્ઞાન તથા અનુભવની એવી રીતે રક્ષા કરો જેવી રીતે ચોર પોતાના ધનની રક્ષા કરે છે. પોતાની જાતને સુરક્ષિત રાખવી જોઇએ. જયારે થોડાં સમય માટે મૌનનો અભ્યાસ કરી લેશો તો તે તમારું હૃદય પરિપૂર્ણ શાંતિથી ભરાઇ જશે. તપસ્યાનો એક માર્ગ છે, જેનો હું તને ઉપદેશ આપું છું. "પરમાત્માનાં રોદ્ર રૂપનું ધ્યાન કર, કારણ કે રોદ્રરૂપ બધે જ છે."

એક મહાત્મા દ્વારા આ ઠીક જ કહેવાયું છે પ્રત્યેક સ્પર્શ કરવાવાળી વસ્તુ દુઃખદ છે. એને કૃત્રિમ ભાવમાં નહીં, પણ તાત્ત્વિક ભાવમાં જાણો. આત્મા સંબંધી સમસ્ત અનુભવોમાં કોઇને કોઇ રૂપમાં રૂદ્ર સ્વરૂપની ઉપાસના મળશે.

વસ્તુતઃ એ રૂદ્ર સ્વરૂપની ઉપાસના નથી. આ રૌદ્રરૂપ એમનાં માટે છે જે હંમેશાં ઇન્દ્રિયોમાં રહે છે. હર્ષવર્ધક અને ભયાનક શબ્દ એમનાં માટે સાર્થક છે, જે દેહબુધ્ધિનાં પાકાં દાસ છે. પરંતુ જો અનુભવમાં નહીં તો વિચારો અને સંકલ્પોમાં તો તું એનાંથી પરે ગયો જ છું. રૌદ્રરૂપનાં ધ્યાનથી ઇન્દ્રિય સંબંધી કામનાઓ ઉપર વિજય પામીશ. આત્મિક જીવનનું આલિંગન કરીશ. શુધ્ધ અને મુક્ત થઇ જઇશ. શુધ્ધ અને મુક્ત થઇ જઇશ. આ પ્રમાણે તું મને જે જીવનથી પેલે પાર છે તેની સાથે અભિન્નતા પ્રાપ્ત કરીશ. જીવનને ભૌતિક દૃષ્ટિથી જ જોઇશ.

માનસિક દૃષ્ટિથી એનું અધ્યયન કરો. ધાર્મિક ભાવથી આનો અનુભવ કરો. ત્યારે તરત જ ધાર્મિક જીવનનું રહસ્ય તમને સ્પષ્ટ થઇજશે. તમે જાણશો કે મહાત્મા ગણ પવિત્રતા અને દરિદ્રતાથી કેમ પ્રેમ કરે છે. કેમ કે કોઇ પણ પદાર્થ જેનો સંબંધ કામિની અને કંચન સાથે છે, એ બળપૂર્વક અથવા તો તેનાથી પરોક્ષ થઇને પણ તેનાંથી દૂર રહે છે. જે કાંઇ મેં કીધું છે, તેનું અનુકરણ કરો. જયાં સુધી તે તમારા રગેરગમાં વ્યાપ્ત ન થઇ જાય અને તમારા વ્યક્તિત્વને નવા ઢાંચામાં ઢાળીને પૂર્ણ ન બનાવી દે ત્યાં સુધી તમે ઉપરોક્ત આ ભાવોનું નિરંતન મનન કર્યા કરો.

(ક્રમશઃ)

# વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો, અસ્થમા ભગાવો, સ્વાસ્થ્ય પૂર્ણ જીવન જીવો

## વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

થોડા સમય પહેલાં અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના સંશોધકોએ અભ્યાસ કર્યા બાદ જણાવ્યું કે જે વિસ્તારોમાં વૃક્ષોની સંખ્યા વધુ હોય છે તેવા વિસ્તારોમાં અસ્થમાનો રોગ થવાનું પ્રમાણ ઓછું રહે છે. સંશોધકોએ ન્યૂયોર્ક શહેરનાં આરોગ્ય વિભાગના રેકર્ડને ચકાસ્યું અને તે શહેરના અસ્થમાના રોગીઓ કયા વિસ્તારોમાં રહે છે. તેની વિગતોનો અભ્યાસ કર્યો તે દરમિયાન વસ્તીની ઘટના અને સામાજિક લક્ષણો - ખાસિયતો ને ધ્યાનમાં લેવા ઉપરાંત લેવા વિસ્તારોની આસપાસમાં પાવર પ્લાન્ટ કે અન્ય પ્રદૂષણ પેદા કરતાં ઉદ્યોગોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યાં અને આવા વિસ્તારોમાં હવાનાં પ્રદૂષણનું પ્રમાણ વદારે જોવા મળ્યું. ત્યાં અસ્થામાના રોગીઓનું પ્રમાણ પણ વધારે જોવા મળ્યું. વૈજ્ઞાનિકોનાં મત પ્રમાણે પ્રત્યેક ચોરસ કિલોમીટર વિસ્તારમાં ૩૪૩ વૃક્ષોનો વધારો જણાયો હતો તેવા વિસ્તારોમાં ૨૯ % જેટલા અસ્થામાના ૪ થી ૫ વર્ષ સુધીનાં બાળકોનું પ્રમાણ - સંખ્યા ઓછી જણાઇ આવી. વર્ષ ૧૯૮૦ થી વર્ષ ૨૦૦૦ વચ્ચેનાં ગાળામાં અમેરિકામાં અસ્થમાના રોગનો ભોગ બનેલા બાળકોના પ્રમાણમાં ૫૦ % જેટલો વધારો થયેલો જોવા મળ્યો. તેને ધ્યાને લઇને આ અભ્યાસ હાથ ધરાયો હતો.



અમેરિકામાં જ અમેરિકન ફોરેસ્ટ સર્વિસના એક અભ્યાસ દરમિયાન વૃક્ષો આછા થવાના કારણએ તે વિસ્તારના લોકોનાં આરોગ્ય પર કેવી અસર પડે છે તે જાણવાનાં પ્રયત્નો હાથ ધરાયા ત્યારે જોવા મળ્યું કે અમુક વિસ્તારોમાં ઇમરાલ્ડ એશ બોરર નામનાં બીટલ્સ (ઢાળીયા) ઓના કારણે એશ ટ્રી (વૃક્ષો) મોટા પ્રમાણમાં નાશ પામ્યા હતા. જે વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વૃક્ષો નાશ પામ્યા હતા. તેવા વિસ્તારોમાં હૃદયરોગના કારણે ૧૫,૦૦૦ લોકો અને શ્વસનના - ફેફસાંને લગતાં રોગોને કારણે ૬૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યાનું જોવા મળ્યું. હતું. "અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટીવ મેડીસીન" માં આ અભ્યાસ "વેન ટ્રી ડાઇસ ઓફ - હ્યુમન હેલ્થ મે ઓલ સો સફર" એટલે કે વૃક્ષો જયારે મૃત્યુ પામે છે ત્યારે માનવ આરોગ્યને પણ અસર થાય છે. તેવા મથાલા સાથે છપાયેલ છે.

ભારત દેશનાં ઉત્તમ શહેરો પૈકીનાં એક બેંગ્લોર શહેર માટે એવું માનવાવાળા ઘણાં લોકો હતાં કે બેંગ્લોરમાં જશો અને રહેશો તો અસ્થમાના રોગી થશો અને અસ્થામાના રોગી હશો તો અસ્થમાનો રોગ વકરી જશે. બેંગ્લોરની લેકસાઇડ હોસ્પિટલના ફેફસાનાં બાળકોનાં રોગોનાં નિષ્ણાંત ડોકટર એચ.પરમેશ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો ત્યારે જોવામાં આવ્યું કે બેંગ્લોર શહેરમાં ૧૯૭૯ વર્ષ દરમિયાન અસ્થામાના રોગીઓનું પ્રમાણ ૯ % જેટલું હતું. જે વર્ષ ૨૦૧૦ દરમિયાન ૨૫.૫ % જેટલું ઊંચું નોંધાયું છે. આ પાછળના કારણોની ચકાસણી કરતાં ડોકટરોના મત પ્રમાણે બેંગ્લોર શહેરમાં ઘરમાં અને ઘરની બહારની હવામાં વધી રહેલું હવાનું પ્રદૂષણ તેનું મુખ્ય કારણો પૈકીનું એક છે અને હવાનું પ્રદૂષણ વધવા પાછળનું મુખ્ય કારણ બેંગ્લોરમાં મોટા પ્રમાણમાં વૃક્ષો કાપવામાં આવ્યાં હતા. તેને ગણવામાં આવે છે.

વિશ્વના ઘણાં બધાં વિસ્તારોમાં અસ્થમાના રોગીઓ વધી રહ્યાં છે. તેની પાછળનું કારણ હવાનું પ્રદૂષણ ગણવામાં આવે છે અને હવાનાં પ્રદૂષણ વધવાના કારણોમાં વૃક્ષો ઘટવાનું કારણ મુખ્ય ગણાય છે. અસ્થમા ઉપરાંત હૃદયરોગ તથા અન્ય સ્વાસ્થ્યલક્ષી રોગો પણ ધ્યાનમાં આવી રહ્યાં છે. કથડતાં જતાં પર્યાવરણને કારણએ માનવ રોગોનું અને માનવ મૃત્યુનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. દૂષિત પર્યાવરણના કારણે સ્ત્રીઓને બાળકો માટે આરોગ્યનો ખતરો વધી રહ્યો છે.

એક અભ્યાસ પ્રમાણે આજે વિશ્વની પ્રત્યેક ૧૦ વ્યક્તિમાંથી ૮ વ્યક્તિ પ્રદૂષિત હવામાં જીવી રહી છે. વૈજ્ઞાનિકો દ્વારા હવામાં દૂષિત કણો કે જેને અંગ્રેજીમાં "ફાઇન પાર્ટીક્લુલેટ મેટર" ટૂંકમાં પી.એમ. ૨.૫ કહેવામાં આવે છે તે વધી રહ્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આવા સૂક્ષ્મ દૂષિત કણો માણસના વાળની જાડાઇનાં ૧૦માં ભાગ જેટલા કદના છે અને આવા કણો ફેફસામાં ઊંડાણ સુધી પ્રવેશી શકે છે. વૈજ્ઞાનિકોનાં મત પ્રમાણે આવા કણો વિશ્વમાં લાખો લોકોનાં અકાળે મૃત્યુ માટે કારણરૂપ બની રહ્યાં છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના મત પ્રમાણે આવા રજકણોનું હવામાં પ્રમાણ પ્રતિ ઘનમીટરે ૧૦ માઇક્રોગ્રામથી વધુ ન હોવું જોઇએ.

વૈજ્ઞાનિક સંશોધકો દ્વારા પ્રાપ્ત તથ્યો અને તેનાં આરોગ્યની હાનિનાં પ્રમાણો આપણી પ્રત્યક્ષ છે. સમજદારીની વાત એક જ છે કે પ્રદૂષિત હવાથી રક્ષણ મેળવવા માટે અને સ્વાસ્થ્ય પૂર્વક લાંબુ જીવવા માટે હયાત વૃક્ષો કાપવાનું બંધ કરવું પડશે અને નવા વૃક્ષો વાવતાં રહેવું પડશે.

# હમારે જેલ મે સુરંગ... આ..હા..! ઔર સુસાઈડ!

## સાંપ્રત ઘટના અને પ્રતિબિંબ

- અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં જ સાબરમતી સેન્ટ્રલ જેલમાં બોમ્બ બલાસ્ટના આરોપીઓએ ૨૧૩ ફૂટ જેટલી સુરંગ ખોદી સરકારની ઘોર ખોદી નાખી. સલામતી વ્યવસ્થાને ઊંડા ખાડામાં ધકેલી દીધી. જૂની હિન્દી ફિલ્મ શોલેનો અસરાનીનો ડાયલોગ યાદ આવી જાય. "હમારે જેલમે સુરંગ... આ..હા..!" પરિન્દા પણ જયાં પાંખો ફફડાવતાં ડરે તેવી જગ્યાએ. ૨૦૧૩ ફૂટની સુરંગ શું. કેલ સત્તાવાળાઓને અંધારમાં રાખી ખોદી હશે.




સહેજ માનવ સહજ વિચાર એ થાય કે આટલી અધધ. માટી સંતાડી કયાં? શું માત્ર થાળી થી જ આટલી મોટી સુરંગ ખોદવી શક્ય છે? તો પછી મેટ્રો રેલ ખોદવાનો કોન્ટ્રાકટ આ કેદીઓને જ આપવો જોઇએ.

દેશની સુરક્ષા અને સલામતીનો પડકારતું ત્રાસવાદીનું આ કૃત્ય માત્ર થોડીક ગાંધીછાપ નોટો જોઇનો. દેશની સાથે ગદ્દારી કરતાં અધિકારીઓ આ ત્રાસવાદી કરતાં પણ ભયંકર સાબિત થયા વગર બોમ્બ ધડાકે કેટલો મોટો ધડાકો કરી નાખ્યો? દેશની આબરૂ, ઇજજતના લીરેલીરા કરી નાખ્યા. ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળા જેવો ઘાટ થયો. જો આ ત્રાસવાદીઓ સુરંગથી બહાર નીકળી ગયા હોત તો? ૨૦૧૩ ફૂટ સુરંગમાંથી ૧૪૭૦ ઘનફૂટ લાલ માટી ને કયાં સંતાડી હશે તે યક્ષ પ્રશ્ન તપાસ અધિકારીને સતાવશો હશે કે પછી કે.લાલ કરતા પણ મોટા જાદુગર નિકળ્યા... ધોળે દિવસે અંધારી ઓઢાડવામાં સફળ રહ્યાં.




જેલના છોટા ચક્કર અને બડા ચક્કરમાં કેદીની જગ્યાએ તપાસ અધિકારીઓ અટવાય જાય તેવો સીન થાય છે.

જેલમાં કેદીઓને બહારનાં ભોજનની પરવાનગી, નાણાની હેરાફેરી, ડ્રગ, સિગારેટ, દારૂની રેલમછેલ, આ બધુ કોના છૂપા આશીર્વાદથી શક્ય બને છે. કે પછી સબસે બડા રૂપૈયા!

(૨) ફાંસીની સજાના ડરે જેલમાં જ જાતે જ ફાંસી પર લટકી ગયો રામસિંહ અને રામસિંહના અંતે રામ રમી ગયા.

સુરંગ બાદ બીજો મોટો બનાવ આત્મહત્યાનો બન્યો. દેશને ઝંઝોળી નાખે તેવી બરહેમ બળાત્કારની ઘટનાનો મુખ્ય આરોપી જાતે જ ફાંસી પર ચઢી જાય છે, કે પછી અન્ય કેદીઓ દ્વારા હત્યા કરાઇ છે? જેલની આંતરિક સલામતી માટે વ્યવસ્થા ઉપર અનેક સવાલો ઊભા કરે તેવી ઘટના હાઇ સિક્યોરીટી તિહાર જેલમાં ૧૫ મહિનામાં ત્રણ આત્મહત્યાની ઘટના બને છે. ૧૨,૦૦૦ જેલનાં કેદીઓ ધરાવતી દેશની સૌથી મોટી જેલમાં એક કેદી સાથી કેદીની નજરમાંથી બચી પોતાની જાતે જ ફાંસી ચઢે છે.

જેલમાં કેદીઓ બધા જ ગુનાઓ ને ગુનેગારને માફ કરી શકે છે પરંતુ બળાત્કારીને કયારેક માફ કરી શકતા નથી. કેદીઓ જ બળાત્કારીને અંદર જ એવી સજા આપે છે. માનસિક ત્રાસ આપે છે કે જાતે જ આત્મહત્યા કરી લે છે.

દેશની ન્યાયતંત્ર ઉપર કાયદાના આટાપાટા વચ્ચે રામસીંગને જો ફાંસીની સજા પણ ફરમાવી હોત તો. જે પાછળથી થવાનું હતું તે પહેલાં બની ગયું. ટ્રાયલ ચાલતા પહેલાં જ આરોપીએ જાતે જ સજા ભોગવી લીધી.

ઉપરોક્ત બને ઘટનાઓની સત્તાવાળાઓની પોલ ખોલી નાખી. સલામતીના લીરેલીરા ઉડાડી દીધા. કાયદાના પાલકો, રક્ષકોએ જ કાયદાને દફન કરી દીધો. અને કાયદાની ઘોર ખોદી નાખી તેમજ કાયદાને જ જાણે ફાંસી ઉપર લટકાવી દીધો. આમ આદમીની સલામતી, શાંતિ અને સુરક્ષા ઉપર જાણે સાંપ સુગી ગયો હોય તેવી હાલત થઇ છે. દેશની આબરૂનું લીલામ, વસ્ત્રાહરણ, બળાત્કાર અને પછી જાતે જ ઘોર ખોદી નાખી. તપાસ સમિતિના રિપોર્ટોમાં સવાલોનાં જવાબ કેટલાય મહિનાઓ સુધી અટવાતા રહેશે. અંતે એક નવી ઘટના આકાર લેતા જૂની ઘટના ઉપર માટી નાખી દેવાશે. અથવા તપાસ સમિતિનો રિપોર્ટ જ ઉપર જ માટી વાળી દેળાશે... સુરંગની માફક જ...!